ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-01 તા:-14-10-2021

સુરતના કતાર ગામ ખાતે માજી ધારાસભ્યશ્રી ધીરુભાઇ ગજેરા ના જન્મ દિવસ નીમિત્તે રકતદાન શિબિર કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ ઉપસ્થિત રહ્યા.

----

ભાજપાનો કાર્યકર પોતાનો જન્મ દિવસ પણ સેવાકીય પ્રવૃતિ કરી ઉજવણી કરતો હોય છે અને આ જ કારણ છે કે ભાજપનો કાર્યકર અન્ય રાજકીય પાર્ટીઓથી અલગ તરી આવે છે- શ્રી સી.આર.પાટીલ

----

કોંગ્રેસના કોઇ આગેવાન કે કાર્યકરનો જન્મ દિવસ હોય તો તેમા મહેફીલ જોવા મળે પરંતુ પ્રજાલક્ષી સેવાકીય કાર્ય જોવા નહી મળે.- શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ તારીખ **14-10-2021** ના રોજ માજી ધારાસભ્યશ્રી ધીરુભાઇ ગજેરા ના જન્મ દિવસ નીમિત્તે સુરતના કતાર ગામ ખાતે રકતદાન શિબિરનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યકરોને સંબોધન કર્યું હતું.

શ્રી સી.આર.પાટીલ સાહેબે કાર્યકરોને સંબોધતા કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે ભાજપાનો કાર્યકર પોતાનો જન્મ દિવસ પણ સેવાકીય પ્રવૃતિ કરી ઉજવણી કરતો હોય છે અને આ જ કારણ છે કે ભાજપનો કાર્યકર અન્ય રાજકીય પાર્ટીઓથી અલગ તરી આવે છે અને કોંગ્રેસના કોઇ આગેવાન કે કાર્યકરનો જન્મ દિવસ હોય તો તેમા મહેફીલ જોવા મળે પરંતુ પ્રજાલક્ષી સેવાકીય કાર્ય જોવા નહી મળે.કોંગ્રેસ પક્ષ પાસે પ્રજા માટે સેવાકીય કાર્ય કરવાની માનસિકતા નહીવત છે.

શ્રી પાટીલ સાહેબે ભાજપની સેવાકીય પ્રવૃતિનું ઉદાહરણ આપતા જણાવ્યું કે આદરણીય વડાપ્રધાનશ્રીના જન્મ દિવસથી સેવાકીય પ્રવૃતી નો કાર્યક્રમ શરૂ થયો છે જે **7** ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સમગ્ર રાજયમાં **570** જગ્યાઓ પર રકતદાન કાર્યક્રમ યોજાયા હતો આ સહિત નવસારી એકમ દ્વારા **71** દિવ્યાંગો માટે નોકરીની

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


વ્યવસ્થા કરવામાં આવી,અમદાવાદ ખાતે 71 બાળકોને બાયપાસ સર્જરી કરવામાં આવી , વડોદરા ખાતે 71 હજાર દિવ્યાંગ માટે સેન્સેટીવ સ્ટિક આપવામાં આવી ,71 લાખ નોટબુકનું ગરીબ બાળકોને વિતરણ કરવામાં આવ્યું તો આંણદ ખાતે 71 ટ્રાયસિકલ દિવ્યાંગ ભાઇ બહેનોને આપવામાં આવી આમ વિવિધ સેવાકીય પ્રવૃતીના કારણે ભાજપના કાર્યકર પર લોકોને લાગણી અને વિશ્વાસ છે.શ્રી પાટીલ સાહેબે રકતદાનના મહત્વ અંગે કાર્યકરોને સમજાવ્યું હતું અને સંબોધનના અંતમા ધીરુભાઇ ગજેરાને જન્મ દિવસ નીમિતે શુભેચ્છા સાથે મોટા પ્રમાણમાં રકતદાન કાર્ય થકી સેવાકીય કાર્ય કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

આ કાર્યક્રમમાં સુરત ભાજપના શહેર પ્રમુખશ્રી નીરંજનભાઇ ઝાઝમેરા,મહામંત્રીશ્રી કાળુભાઇ ભીમનાથ,કીશોરભાઇ બીંદલ, સુરત શહેરના મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા અને ડેપ્યુટી મેયરશ્રી દિનેશભાઇ જોધાણી , સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પરેશભાઇ પટેલ , પુર્વ એમપી જીવાભાઇ પટેલ , કોર્પોરેટરશ્રીઓ સહિત ભાજપાના આગેવાનો હાજર રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મિડિયા કન્વીનર